રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧

-: અખબારી યાદી:-

# આજના યુગમાં પણ ઉમદા કામગીરીની ઓળખ:

# સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના સફાઈ કર્મચારીએ રૂ. ૧૨,૦૦૦/- ની કિમતનો મળેલો મોબાઈલ ફોન મૂળ માલિકને પરત કર્યો

તારીખ: ૦૬-૦૧-૨૦૨૧

આજના યુગમાં ઈમાનદાર માણસોની ઓળખ મળવી ખુબ જ મુશ્કેલ બની ગઈ છે ત્યારે રાજકોટ મહાનગરપાલિકાના સોલીડ વેસ્ટ મેનેજેમેન્ટ શાખાના સફાઈ કર્મચારી શ્રી તુલસીભાઈ વાણીયાએ પોતાને મળેલો રૂ. ૧૨ ,૦૦૦/- ની કિમતનો મોબાઈલ ફોન મૂળ માલિક ડો. નિપુણ બુધ્ધાને પરત કરી પોતાની ઈમાનદારી પ્રકાશિત કરી હતી.

તા. ૨૩-૧૨-૨૦૨૦ ના રોજ લાઈફ કેર ક્લીનીકના ડો. નિપુણ બુધ્ધા પોતાના ઘરેથી કામ માટે બહાર નીકળેલ હતા તે દરમ્યાન વૈશાલીનગર શેરી નં. ૧૦ માં તેમનો રૂ. ૧૨,૦૦૦/- ની કિમતનો મોબાઈલ પડી ગયો હતો. તેમને મોબાઈલ પડ્યાની જાણ થતે તુર્ત જ પોતાના મોબાઈલમાં કોલ કરતા ફોન શ્રી તુલસીભાઈએ ઉપાડ્યો અને ડો. નિપુણને જવાબ આપ્યો કે ‘ સાહેબ, તમારો મોબાઈલ મારી પાસે છે, આપ આવીને લઇ જાઓ... ’ ત્યારબાદ ડો. નિપુણ સ્થળ પર પહોંચ્યા અને શ્રી તુલસીભાઇએ તેમને મોબાઈલ પરત આપ્યો અને ડો. નિપુણએ સફાઈ કર્મચારીશ્રી તુલસીભાઈનો આભાર વ્યક્ત કર્યો હતો.

આજના યુગમાં આ પ્રકારની ઈમાનદારી દેખાડનાર માણસો ખુબજ ઓછા જોવા મળે છે ત્યારે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મોબાઈલને સુરક્ષિત મૂળ માલિકને પરત પહોંચાડવા બદલ શ્રી તુલસીભાઈ વાણીયાનો ખુબ ખુબ આભાર માન્યો હતો અને ઈમાનદારીની પ્રશંસા કરી હતી.

(જન સંપર્ક અધિકારી)
રાજકોટ મહાનગરપાલિકા

# LIFE CARE CLINIC

**Dr. Nipun Buddha**
H.M.S.

તા. ૩/૧/૨૦૨૦



ખુબ ખુબ આભાર સહ...

થી તા. ૨૩/૧૨/૨૦૨૦ ના રોજ હું મારા ઘરેથી બહાર મારા કામ માટે નીકળેલ તે દરમીયાન રસ્તામાં મારો મોબાઈલ કે જે કિંમત ૧૨૦૦૦ નો હતો તે વૈશાલીનગર ૧૦ નં શેરીમાં પડી ગયેલ. મોબાઈલ ન મળતા તેમા મે કોલ કરેલ અને તુરંત તેમા સફાઈ કામદાર તુલસીભાઈ વાઘેલા એ જવાબ આપ્યો અને કહ્યુ "સાહેબ તમારો મોબાઈલ મારી પાસે છે આપ લઈ જાવ". હુ ત્યાં પહોચીયો અને તુલસીભાઈ એ મને મોબાઈલ પરત કરેલ. આવા જમાનામાં કે જ્યાં માનવતા રહી નથી, ત્યારે આ ઈમાનદાર વ્યક્તીનો હું આભાર માનુ છું.

Dr. Nipun Buddha
9879481894

Add. Buddha Road, 1-Vaishalinagar,
Behind Swaminarayan Temple, Kalawad Road, Rajkot.

Time : Mor. 9 to 1.30
Eve. 8.30 to 10